# પ્રભુદર્શનથી અંતર અમ ઉલસી રહ્યાં

(રાગ : આવો ! આવો ! સીમંધર જિનરાજજી રે !)

આવો ! પધારો ! ભાવીના જિનરાજજી રે ! (૨)
પ્રભુદર્શનથી અંતર અમ ઉલસી રહ્યાં.

પૂજો ! પૂજો ! ભાવીના ભગવંતને રે ! (૨)
મણિરત્ને વધાવો જિનવરદેવને.

જિનજી મારા ભાવીના ભગવંત છે રે ! (૨)
વિશ્વદિવાકર તારણહારા દેવ છે....આવો૦

શિવસુખદાયક મંગળકારી દેવ છો રે ! (૨)
પ્રભુચરણોથી મંગળતા પ્રસરી રહી.

ભાવીના ભગવંત પધાર્યા આંગણે રે ! (૨)
ઇન્દ્ર-નરેન્દ્રો જિનચરણો પૂજી રહ્યા;
—જિનવરગીતો સુરલોકે ગાજી રહ્યાં....આવો૦

જિનજી મારા, દિવ્ય ધ્વનિ વરસાવજો રે! (૨)
અમ સેવકનાં અંતરિયાં તલસી રહ્યાં.

પ્રભુજી મારા, અનંત ગુણે બિરાજતા રે! (૨)
આનંદ પૂરણ, જ્ઞાન પૂરણ ઊછળી રહ્યાં....આવો૦

જિનજી મારા, કૃતકૃત્ય પરમેશ્વરા રે! (૨)
પૂર્ણ પ્રભુતા, ઉપશમરસ વરસી રહ્યાં.

જિનજી મારા, રત્નચિંતામણિ દેવ છો રે! (૨)
કલ્પતરુ મનવાંછિત ફળદાતાર છો....આવો૦

અગણિત નેત્રે નિરખું જિનવરદેવને રે! (૨)
અગણિત અગણિત સ્તવન કરું જિનદેવનાં.

અગણિત દ્રવ્યે પૂજન કરું જિનરાજનાં રે! (૨)
તૃપ્તિ ન થાયે, ઉર અનહદ ઉલસી રહ્યાં....આવો૦

અનંત ગુણના નાથ પધાર્યા મંદિરે રે! (૨)
અનંત મહિમાવંત પ્રભુ અમ આંગણે.

અનંત કાળે જિનદર્શન બહુ દોહ્યલાં રે! (૨)
મહાભાગ્યેથી પ્રભુજી પધાર્યા આંગણે....આવો૦

સ્વર્ણપુરે સીમંધરનાથ બિરાજતા રે! (૨)
આજે મંગલ પગલાં ભાવિ જિણંદનાં;

—આજ થયાં પાદાર્પણ જિનવરવૃંદનાં;
—પ્રભુકૃપામૃતમેઘ અહો! વરસી રહ્યા....આવો૦

ગુરુવચનામૃત-રત્ન જડયાં મુજ મંદિરે રે! (૨)
જેના તેજે દર્શન જ્ઞાયકદેવનાં.

ગુરુજી મારા! સ્વર્ણપુરે પધારજો રે! (૨)
દર્શન દેજો, ચૈતન્યરસ વરસાવજો.

આવો! પધારો! ભાવીના જિનરાજજી રે! (૨)
જિનવરવૃંદ પધારો મારે આંગણે;
—નિત્ય બિરાજો દેવ-ગુરુ મનમંદિરે....આવો૦

□